P-2

SEAT No.________

No. of Printed Pages : 2

[15-A] SARDAR PATEL UNIVERSITY

M.A. EXAMINATION, semester: 3

Wednesday, 19-4-2017, time: 02-00 P.M. TO 05:00 P.M

Code PA03CGUJ05 Modern Gujarati Prose(અર્વાચીન ગુજરાતી ગદ્ય)

( Total marks-70 )

---

પ્રશ્ન : ૧ વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ગુણ:૧૦

૧) 'સ્વયમવૃત્તાંતશીલ શૈલી' એટલે?

અ) સર્વજ્ઞ કથકશૈલી બ) પ્રથમ પુ.એ.વ. ક) બીજો પુ.એ.વ. ડ) કથાશૈલી

૨) નીચેનામાંથી કઈ કૃતિની કેન્દ્રસ્થશૈલી સંવાદાત્મક છે?

અ) માનવીની ભવાઇ બ) અંગત ક) અગતિગમન ડ) કાકાની શશી

૩) સાહિત્યનું ગદ્ય વ્યવહારના ગદ્યથી કેવી રીતે અલગ પડે છે?

અ) શબ્દ બ) વાક્ય ક) પંક્તિ ડ) પ્રયોજન

૪) 'પ્રબોધકાળનું ગદ્ય' પુસ્તક કયા લેખકનું છે?

અ) નટવરસિંહ પરમાર બ) યોસેફ મેકવાન ક) ચિનુ મોદી ડ) જોસેફ મેકવાન

૫) નીચેનામાંથી કયું પુસ્તક સ્વામી આનંદનું નથી?

અ) માનવતાના વેરી બ) કુળકથાઓ ક) ધરતીનું લૂણ ડ) અનંતકથા

૬) નીચેનામાંથી કયું લક્ષણ સ્વામી આનંદના ગદ્યનું નથી?

અ) લોકાભિમુખતા બ) પુનરાવર્તન ક) ભાષાવૈવિધ્ય ડ) સંક્ષિપ્તતા

૭) 'નઘરોળ'શબ્દનો અર્થ જણાવો.

અ) અભિમાની બ) અપ્રામાણિક ક) બેપરવા ડ) લોભી

૮) 'આગંતુક' કૃતિમાં ઇશાનના ગુરુજીનું નામ જણાવો.

અ) પ્રતાપગિરિ બ) ઓમકારગિરિ ક) સોમગિરિ ડ) શ્યામગિરિ

૯) 'આગંતુક'ના કયા પ્રકરણમાં ઇશિતા ઇશાનબાબાને ઓળખી જાય છે?

અ) પ્રથમ બ) દ્વિતીય ક) તૃતીય ડ) ચતુર્થ

૧૦) 'આગંતુક' કયા યુગની કૃતિ છે?

અ) નર્મદ બ) પંડિત ક) આધુનિક ડ) અનુઆધુનિક

પ્રશ્ન:૨ ગદ્યની વિભાવના સ્પષ્ટ કરી ગદ્યના ઘટકો અને પ્રકારો વિશે વિગતે જણાવો.

અથવા (ગુણ:૧૫)

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) સુધારકયુગનું ગદ્ય બ) વ્યવહારના ગદ્ય અને સાહિત્યના ગદ્ય વચ્ચેનો ભેદ

પ્રશ્ન : 3 નિબંધ અને રેખાચિત્રો વચ્ચેનો ભેદ દર્શાવી 'નઘરોળ'ને આધારે સ્વામી આનંદના ગદ્યની વિશેષતા જણાવો. (ગુણ :૧૫)

અથવા

ગદ્યના વિકાસમાં સ્વામી આનંદનું પ્રદાન જણાવી 'નઘરોળ'નું મૂલ્યાંકન કરો.

પ્રશ્ન : ૪ 'આગંતુક' નવલકથા છે કે લઘુનવલ તેની સ્પષ્ટતા કરી, તેની વસ્તુગત અને રચનાગત વિશેષતાઓનો પરિચય કરાવો. (ગુણ :૧૫)

અથવા

ટૂંક નોંધ લખો. (બન્ને)

અ) 'આગંતુક'માં નગરજીવનનું આલેખન બ) 'આગંતુક'માં ઇશાનનું પાત્રચિત્રણ

પ્રશ્ન: ૫ ટૂંક નોંધ લખો. **('અ'માંથી એક 'બ'માંથી એક)** (ગુણ :૧૫)

**અ)** ૧) 'નઘરોળ'શીર્ષક ૨) 'નઘરોળ'માં 'ભરાડી'નું શબ્દચિત્ર

**બ)** ૧) 'આગંતુક'નો અંત ૨) 'આગંતુક'નાં પ્રતીકો

——x—x——

SEAT No.________

[738A52]

SARDAR PATEL UNIVERSITY Total No. of page 02

M.A- III Sem. EXAMINATION-2017

FRIDAY, 07-04-2017 TIME : 02:00 P.M. TO 05:00 P.M. TOTAL MARKS : 70

PAPER CODE :PAO3CGUJ06 TITLE OF PAPER : Arvachin Gujarati Granthkar: kanaiyalal munshi

પ્રશ્ન-૧ નીચે આપેલા પ્રશ્નો સાચા ઉત્તરો ઉત્તરવહીમાં લખો ૧૦- ગુણ

01) મુનશીનો જન્મ ક્યાં થયો હતો ?

અ. સુરત બ. ભરૂચ ક. અમદાવાદ ડ. વડોદરા

02) ક.મા મુનશીની પ્રથમ ઐતિહાસિક નવલકથાનું નામ જણાવો ?

અ. પાટણની પ્રભુતા બ. ભગ્નપાદુકા

ક. ગુજરાતનો નાથ ડ. જય સોમનાથ

03) 'અડધે રસ્તે' આત્મકથા ................સામયિકમાં ક્રમિક લેખમાળારૂપે રજુ થઇ હતી ?

અ. કૌમુદી બ. ગુજરાત ક. સ્ત્રીબોધ ડ. ભાર્ગવ

04) અસંગત વિગત જૂથ અલગ તારવો

અ. અડધે રસ્તે-સીધાં ચડાણ-સ્વપ્નસિદ્ધિની શોધમાં

બ. પાટણની પ્રભુતા-ગુજરાતનો નાથ-જય સોમનાથ

ક. વેરની વસૂલાત-સ્વપ્નદ્રષ્ટા-કોનોવાંક

ડ. પુરંદર પરાજય-અવિભક્ત આત્મા-ધ્રુવસ્વામિનીદેવી

05) મુનશી દ્વારા ભારતીય વિદ્યાભવનની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

અ. ઇ.સ.૧૯૩૭ બ. ઇ.સ.૧૯૩૮ ક. ઇ.સ.૧૯૩૯ ડ. ઇ.સ.૧૯૨૯

06) 'હું તો જોગમાયાઓને દૂરથી જ નમસ્કાર કરું છું'- આ વિધાન કોણ કોને ઉદ્દેશીને બોલે છે ?

અ.મનહરલાલ-શશીકલાને બ.કુંદનલાલ-શિવગૌરીને

ક.મનહરલાલ-પીરોજાને ડ.ઇન્દ્રજીત-પીરોજાને

07) 'પૃથિવીવલ્લભ' નવલકથાનું વસ્તુ મુનશીએ .......... પરથી પસંદ કર્યું છે ?

અ. મુંજપ્રબંધરાસ બ. મુંજાલકથા ક. પૃથ્વીચંદ્રચરિત્ર ડ. ત્રણમાંથી એક પણ નહીં

08) યોગ્ય જોડકાં જોડો

| અ. | બ. |
|---|---|
| ૧. વેરની વસૂલાત | અ) ઇ.સ. ૧૯૧૩ |
| ૨. કાકાની શશી | બ) ઇ.સ. ૧૯૨૮ |
| ૩. અડધે રસ્તે | ક) ઇ.સ. ૧૯૪૨ |
| ૪. ગુજરાતની અસ્મિતા | ડ) ઇ.સ. ૧૯૩૯ |

અ. (૧-ડ), (૨-ક), (૩-બ), (૪-અ) બ. (૧-અ), (૨-બ), (૩-ક), (૪- ડ)

ક. (૧-ડ), (૨- અ), (૩- બ), (૪- ક) ડ. (૧- ક), (૨- ડ), (૩- અ), (૪- બ)



(પાછળ ....)

09) 'કાકાની શશી' નાટક ઐતિહાસિક નાટક છે ?

અ. સત્ય　　બ.અસત્ય　　ક. અર્ધસત્ય　　ડ. ત્રાણમાંથી એક પણ નહી

10) 'કોનોવાંક' નવલકથા ......... સામયિકમાં ક્રમશઃ પ્રગટ થઇ હતી ?

અ. નવજીવન　　બ.હિંદુસ્તાન　　ક. સ્ત્રીબોધ　　ડ. ભાર્ગવ

પ્રશ્ન-૨ સર્જક ક.મા.મુનશીના સાહિત્યિક વ્યક્તિત્વને ઘડનારાં પરિબળોની ચર્ચા કરો　　૧૫-ગુણ

અથવા

ક.મા.મુનશીએ સર્જેલ કથાસાહિત્યની ટૂંકમાં સમીક્ષા કરો

પ્રશ્ન-૩ ઐતિહાસિક નવલકથા તરીકે 'પૃથિવીવલ્લભ' નવલકથાનું મૂલ્યાંકન કરો

અથવા

ટૂંક નોંધ લખો :(બન્ને) (૧) 'પૃથિવીવલ્લભ' નવલકથાની પાત્રસૃષ્ટિ

(૨) 'પૃથિવીવલ્લભ' નવલકથાની ભાષા

પ્રશ્ન-૪ 'કાકાની શશી' નાટકના આધારે નાટયકાર તરીકે મુનશીની સિદ્ધિઓ-મર્યાદાઓ વર્ણવો　　૧૫-ગુણ

અથવા

'કાકાની શશી' નાટકમાંથી પ્રગટતા સ્ત્રીસ્વાતંત્ર્યના વિચારો તથા તત્કાલિન સામાજિક સ્થિતિનો પરિચય કરાવો

પ્રશ્ન-૫ 'અડધે રસ્તે' આત્મકથાનું સામગ્રલક્ષી મૂલ્યાંકન કરો　　૧૫-ગુણ

અથવા

ટૂંક નોંધ લખો :(બન્ને) (૧) 'અડધે રસ્તે' આત્મકથાની શૈલી

(૨) 'અડધે રસ્તે' આત્મકથામાં મુનશીનું શૈશવ

— x —

P-2

SEAT No.________ No. of Printed Pages : 02

[94/A-40] SARDAR PATEL UNIVERSITY

M.A. EXAMINATION SEMESTER: 3

MONDAY DATE: 10 /4/17 TIME: 2:00P.M.TO 5:00 P.M.

PA03CGUJ07 BHASHAVIGNAN

MARKS :70

---

પ્રશ્નઃ૧. વસ્તુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો. ( ગુણ :૧૦)

૧.ભાષાના સંકેતો કયા પ્રકારના છે?
અ) મૂર્તિપરક બ) ચિત્રાત્મક ક)કાર્યકારણ ડ)પ્રતીકાત્મક

૨. પટ્ટણીબોલીને કેવી બોલી કહેવામાં આવે છે?
અ) ભાષા બ) વાણી ક) સામાજિક બોલી ડ) પ્રાદેશિક બોલી

3 'વાણી'નું સ્વરૂપ કેવું હોય છે?
૧) પ્રદેશગત ૨) વાચ્ય-શ્રાવ્ય 3) વ્યક્તિગત ૪) જ્ઞાતિગત

૪. દંત્યવ્યંજનોનું મૂર્ધન્ય ઉચ્ચારણ કઈ બોલીમાં જોવા મળે છે?
અ) ચરોતરી બ) પટ્ટણી ક) સૂરતી ડ) સૌરાષ્ટ્રી

૫. 'કંઠ'શબ્દમાં કયો અનુનાસિક પ્રયોજાય છે?
અ) ન બ) મ ક) ણ ડ)ઞ

૬. નીચેનામાંથી કઈ પદ્ધતિ ભાષાના વર્ગીકરણની નથી?
અ) ઐતિહાસિક બ) આકૃતિગત ક)ક્ષેત્રીય ડ) તુલનાત્મક

૭. 'માલ્ટો અને 'તુલુ' ભાષા કયા ભાષાકુળની છે?
અ) આર્ય બ) દ્રવિડી ક) ચીની તિબેટી ડ)મોનખ્મેર

૮ રઈસ નામના ભાષાવિજ્ઞાનીના મતે જગતનાં કેટલાં ભાષાકુળો છે?
અ) એક બ) સો ક ) તેર ડ) છવ્વીસ

૯.ભારતીય-યુરોપીયની દસ શાખામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?
અ) હિટાઈટ બ) સુદાની ક) તોખારિયન ડ) જર્મનિક

૧૦.ગુણાઢ્યની 'બૃહદકથા'નો સમાવેશ કયા સ્તબકની પ્રાકૃતમાં કરવામાં આવે છે.?
અ) પૂર્વકાલીન પ્રાકૃત બ)ઉત્તરકાલીન પ્રાકૃત
ક) અંતિમ પ્રાકૃત ડ) અપભ્રંશ

પ્રશ્ન :૨ ભાષા એટલે શું તે જણાવી ભાષાનાં કાર્યો વિગતે જણાવો.

(ગુણ :૧૫)

અથવા

નીચેનામાંથી કોઈ બે વિશે લખો.

૧)ભાષાના સંકેતોની વિશેષતા

૨) ભાષા અધ્યયનની પદ્ધતિઓ

3) ભાષા-વાણી-બોલી વચ્ચેનો તફાવત

પ્રશ્ન :3 વાયુરન્ધ્રોના પ્રકાર જણાવી વિવિધ વાયુરન્ધ્રોમાં નિષ્પન્ન થતા ગુજરાતી ભાષાના ધ્વનિઘટકોનું વર્ગીકરણ કરો.

(ગુણ :૧૫)

અથવા

નીચેનામાંથી કોઈપણ બે વિશે લખો.

૧) ગુજરાતી ભાષાના વ્યંજનો

૨) ગુજરાતી ભાષાના સ્વરો અને અનુનાસિકો

3) ગુજરાતીમાં ભાર ,જંકચર અને સૂર

પ્રશ્ન :૪ જગતનાં ભાષાકુળોનો વિસ્તારથી પરિચય કરાવો.

(ગુણ:૧૫)

અથવા

ભારતીય આર્યભાષાની વિકાસરેખા જણાવો.

પ્રશ્ન : ૫ ગુજરાતી ભાષાનો ઉદ્ભવ-વિકાસ તેનાં ધ્વનિ પરિવર્તનો સહિત જણાવો.

(ગુણ : ૧૫)

અથવા

ટૂંક નોંધ લખો. (બે)

અ) ગુજરાતીની પ્રથમ ભૂમિકા

બ) સંયુક્ત વ્યંજનનું સરલીકરણ અને પૂર્વસ્વરનું દીર્ઘ થવું.

ક) ઉષ્મવ્યંજન અને સ્પર્શવ્યંજનોના સંયોગોમાં આવેલું પરિવર્તન

[84/A-36]

SEAT No.________

No. of Printed Pages : 2

# SARDAR PATEL UNIVERSITY
## M.A. SEMESTER -3 EXAMINATION 2017
Saturday, 15th April 2=00 PM to 5=00 PM Max. Marks : 70

PA03EGUJ04 (New Course) ભારતીય અને વિશ્વ સાહિત્ય

કુલ ગુણ : ૭૦

પ્રશ્ન :૧ : નીચેના બહુવિકલ્પી પ્રશ્નોના જવાબ તમારી ઉત્તરવહીમાં લખો. આ દરેક બહુવિકલ્પી પ્રશ્ન એક ગુણાંક ધરાવે છે. ૧૦

(૧) અ અને બ જોડો.

| અ | બ |
|---|---|
| ૧ યુરોપિયન સાહિત્ય | ક વર્ડઝવર્થ |
| ૨ જાપાની સાહિત્ય | ખ કાવાબાતા |
| ૩ આફ્રિકન સાહિત્ય | ગ સોયેન્કા |
| ૪ અમેરિકન સાહિત્ય | ઘ થોરો |

(૨) તેત્સુકો કુરોયાનાગી કૃત તોત્તોચાન જાપાનીઝ સાહિત્યના -------- યુગમાં રચાયેલી યશોદાયી સાહિત્ય કૃતિ છે.

ક પ્રાચીન, ખ પ્રશિષ્ટ, ગ મધ્યકાલીન, ઘ અર્વાચીન

(૩) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં એ જણાવો.

વિધાન : અ : તોત્તોચાન કૃતિમાં યુદ્ધ, પરાજય અને વિરતિનું આલેખન થયેલું છે.

વિધાન : બ : તોત્તોચાનનું સર્જન બીજા વિશ્વયુદ્ધ પૂર્વે થયેલું છે.

ક. બન્ને વિધાન ખરાં છે. ખ. બન્ને વિધાન ખોટાં છે.

ગ. વિધાન અ ખરું, બ ખોટું છે. ઘ. વિધાન અ ખોટું, બ ખરું છે.

(૪) બનગરવાડી કૃતિના સંદર્ભે અ અને બ જોડો.

| અ | બ |
|---|---|
| ૧ મૂળ કૃતિની ભાષા | ક ગુજરાતી |
| ૨ અનૂદીત કૃતિની ભાષા | ખ મરાઠી |
| ૩ મૂળ કૃતિના સર્જક | ગ અવનીશ ભટ્ટ |
| ૪ મૂળ કૃતિના અનુવાદક | ઘ માંડગુલકર |

(૫) બનગરવાડીમાં કયા સમયના ગ્રામજીવનનું આલેખન થયેલું છે?

ક ૨૦ મી સદી પૂર્વાર્ધ, ખ ૨૦મી સદી ઉત્તરાર્ધ,

ગ આધુનિક કાળ, ઘ આધુનિકોત્તર કાળ

(૬) તોત્તોચાનની શાળા ક્યાં આવેલી હતી?

ક જાપાન, ખ ટોકિયો, ગ જર્મની, ઘ ફ્રાન્સ

(૭) વિશ્વ સાહિત્યની વિભાવનાનો ઉદ્‌ભવ કયા દેશમાં થયો હતો?

ક ભારત, ખ જાપાન, ગ જર્મની, ઘ અમેરિકા

(૮) તોત્તોચાનની શિક્ષણ પ્રણાલીને મળતી આવતી બીજી કોઇ પ્રણાલીનું નામ આપો.

ક ગુરુકૂળ પ્રણાલિ, ખ શાન્તિ નિકેતન પ્રણાલિ,

ગ બુનિયાદી કેળવણી, ઘ મુક્ત પ્રગતિ પ્રણાલિ

(૯) બનગરવાડી નવલકથામાં --------- પ્રદેશના જનજીવનનું આલેખન થયેલું છે.

ક બંગાળ, ખ મહારાષ્ટ્ર, ગ માણદેશ, ઘ બનગર

(૧૦) ----- બનગરવાડીનો નાયક છે.

ક વ્યંકટેશ, ખ અવનીશ, ગ રાજારામ, ઘ દાદુ

પ્રશ્ન : ૨ : ભારતીય સાહિત્યની વિભાવના સ્પષ્ટ કરીને એના મહત્ત્વનાં લક્ષણોની ચર્ચા કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૨ : બન્ને વિષય પર ટૂંક નોંધ લખો :

(ક) ભારત અને ભારતીય સાહિત્ય,

(ખ) આરંભનું ભારતીય સાહિત્ય

પ્રશ્ન : ૩ : વિશ્વ સાાહિત્ય એટલે શું? એમાં કેવી કેવી કૃતિઓનો સમાવેશ થાય છે. ૧૫

અથવા

પ્રશ્ન : ૩ : વિશ્વ સાહિત્યની કૃતિ તરીકે તોત્તોચાનની સમીક્ષા કરો.

પ્રશ્ન : ૪ : વર્તમાન શિક્ષણ પ્રણાલિ સાથે તોમોએની શિક્ષણ પદ્ધતિની તુલના કરો. ૧૫

અથવા

પ્રશ્ન : ૪ : બનગરવાડીમાં આલેખાયેલા સમાજની સમીક્ષા કરો.

પ્રશ્ન : ૫ : ગમે તે બે વિષય પર ટૂંકનોંધ લખો : ૧૫

૧ બનગરવાડીનો આરંભ અને અંત.

૨ બનગરવાડીમાં આલખાયેલો સંઘર્ષ

૩ તોત્તોચાનનો સૌથી માર્મિક લાગેલો એક જ પ્રસંગ

૪ તોત્તોચાનની પાત્રસૃષ્ટિ.

———— x ————

SEAT No.________

[40/A-40]

SARDAR PATEL UNIVERSITY total No. of page 03

M.A. SEMESTER-3 Examination -2017

PAPER CODE: PA03SGUJ03 (અનુવાદ અને સંપાદન)

DATE: 18 /04/2017, Tuesday TIME: 02:00 to 5:00 P.M MARKS: 70

---

પ્રશ્ન-1 અનુવાદ એટલે શું? તે જણાવી અનુવાદના પ્રકારો જણાવો ૧૮

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. અનુવાદકની સજ્જતા

૨. અનુવાદના પ્રશ્નો

પ્રશ્ન-૨ સંપાદન એટલે શું? તે જણાવી સાહિત્યિક સંપાદનની પ્રક્રિયાના તબક્કા જણાવો. ૧૮

અથવા

બંને ટૂંક નોંધ લખો ૧. મધ્યકાલીન કૃતિ સંપાદનની પ્રક્રિયા અને પ્રશ્નો

૨. લોકસાહિત્યના સંપાદનની પ્રક્રિયા અને પ્રશ્નો

પ્રશ્ન-૩ નીચેના હિન્દી અથવા અંગ્રેજી પદ્યખંડમાંથી કોઈ એકનો ગુજરાતીમાં અનુવાદ કરો ૧૭

तुम उठा लुकाठी खड़े चौराहे पर;
बोले, वह साथ चले जो अपना दाहे घर;
तुमने था अपना पहले भस्मीभूत किया,
फिर ऐसा नेता
देश कभी क्या
पाएगा?

फिर तुमने हाथों से ही अपना सर
कर अलग देह से रक्खा उसको धरती पर,
फिर ऊपर तुमने अपना पाँव दिया
यह कठिन साधना देख कँपे धती-अंबर;
है कोई जो
फिर ऐसी राह
बनाएगा?

इस कठिन पंथ पर चलना था आसान नहीं,
हम चले तुम्हारे साथ, कभी अभिमान नहीं,

था, बापू, तुमने हमें गोद में उठा लिया,
यह आने वाला
दिन सबको
बतलाएगा।

- हरिवंशराय बच्चन

અથવા

Whose woods these are I think I know.
His house is in the village though;
He will not see me stopping here
To watch his woods fill up with snow.

My little horse must think it queer
To stop without a farmhouse near
Between the woods and frozen lake
The darkest evening of the year.

He gives his harness bells a shake
To ask if there is some mistake.
The only other sound's the sweep
Of easy wind and downy flake.

The woods are lovely, dark and deep,
But I have promises to keep,
And miles to go before I sleep,
And miles to go before I sleep.

- ROBERT FROST

પ્રશ્ન-૪ નીચેના હિન્દી અથવા અંગ્રેજી ગદ્યખંડમાંથી કોઈ એકનો ગુજરાતીમાં અનુવાદ કરો ૧૭

Dr. A.P.J. Abdul Kalam was born to a poor Tamil Muslim family on 15 October, 1931 at Rameswaram in the state of Tamil Nadu, India. His father, Jainulabdeen, was a boat owner, and his mother, Ashiamma, was a homemaker. He started working at a young age to support his father. He received average grades in school but was seen as a hardworking and bright student with a strong desire to

learn things. He used to study for hours, especially mathematics. He completed his schooling from Rameshwaram Elementary School. In 1954, he graduated in Physics from St. Joseph's College in Tiruchirappalli, which was then affiliated to the University of Madras. Thereafter, in 1955, he moved to Madras (now Chennai) and joined the Madras Institute of Technology and studied aerospace engineering. His dream was to become a fighter pilot but he was ranked ninth while the IAF offered only eight slots. He was a bachelor.

અથવા

धनिया इतनी व्यवहार-कुशल न थी। उसका विचार था कि हमने जमींदार के खेत जोते हैं, तो वह अपना लगान ही तो लेगा। उसकी खुशामद क्यों करें, उसके तलवे क्यों सहलाएँ। यद्यपि अपने विवाहित जीवन के इन बीस बरसों में उसे अच्छी तरह अनुभव हो गया था कि चाहे कितनी ही कतर-ब्योंत करो, कितना ही पेट-तन काटो, चाहे एक-एक कौड़ी को दाँत से पकड़ो; मगर लगान का बेबाक होना मुश्किल है। फिर भी वह हार न मानती थी, और इस विषय पर स्त्री-पुरुष में आए दिन संग्राम छिड़ा रहता था। उसकी छः संतानों में अब केवल तीन जिंदा हैं, एक लड़का गोबर कोई सोलह साल का, और दो लड़कियाँ सोना और रूपा, बारह और आठ साल की। तीन लड़के बचपन ही में मर गए। उसका मन आज भी कहता था, अगर उनकी दवा-दवाई होती तो वे बच जाते; पर वह एक धेले की दवा भी न मँगवा सकी थी। उसकी ही उम्र अभी क्या थी। छत्तीसवाँ ही साल तो था; पर सारे बाल पक गए थे, चेहरे पर झुर्रियाँ पड़ गई थीं। सारी देह ढल गई थी, वह सुंदर गेहुँआँ रंग सँवला गया था, और आँखों से भी कम सूझने लगा था। पेट की चिंता ही के कारण तो। कभी तो जीवन का सुख न मिला।

——x—x——